# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

**E-Mail- forum.pgvcl@gebmail.com**

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૧/ક્વા-૨/૨૧-૨૨/૫૧૨૭-૩ તા.૦૩-૦૯-૨૦૨૧

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

Case No.PG- ૨૧/ક્વા-૨/૨૧-૨૨

| | |
|---|---|
| અરજદાર | : શ્રી ગજાનન ઇન્ડસ્ટ્રીઝ ગામ: મોરબી |
| પેટા વિભાગીય કચેરી | : મોરબી શહેર-૧ |
| રજૂઆત કરનાર | : અરજદારના પ્રતિનિધિ તરીકે પ્રીતેશ લલીતભાઈ પટેલ હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - મોરબી |
| રજૂઆત કરનાર | : શ્રી પી.પી.બાવરવા કાર્યપાલક ઈજનેર પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી – મોરબી અને તેમની સાથે શ્રી જે.જે.પરમાર નાયબ ઈજનેર શ્રી પેટાવિભાગીય કચેરી મોરબી શહેર-૧ |

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,

૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી – મોરબી |
| તારીખ: | ૨૫-૦૮-૨૦૨૧ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૨૫-૦૮-૨૦૨૧ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર રજુઆતમાં જણાવે છે કે તેઓ ગ્રાહક નંબર – ૩૪૩૦૧/૫૬૫૫૪/૦ થી શ્રી ગજાનન ઇન્ડસ્ટ્રીઝના નામે વીજ જોડાણ ધરાવે છે. તેઓની સદર ફેક્ટરીના એરિયામાં દરેક બુધવારના દિવસે સવારે ૦૮.૦૦ કલાક થી બપોરે ૦૨.૦૦ કલાક સુધી લાઈટ કાપ હોય છે તેમ છતાં ગુરુવાર થી મંગળવાર સુધીમાં રોજ ૧૦ થી ૨૦ ટ્રીપીંગ અથવા ૩૦ થી ૪૦ મિનિટ સુધી પાવરકાપ હોય છે. સદર પ્રશ્ન છેલ્લા એક વર્ષથી થાય છે જેથી સદર પાવર પ્રોબ્લેમના નિવારણ માટે અરજદાર દ્વારા અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે અરજદાર શ્રી ગજાનન ઇન્ડસ્ટ્રીઝ મૂન નગર મેઈન રોડ, મૂન નગર ચોક, પંચાસર રોડ, મુ. મોરબી દ્વારા વારંવાર વીજ ફોલ્ટ થવાની અરજીના અનુસંધાને વિગતવાર અહેવાલ નીચે મુજબ રજુ કરેલ છે.

૩.૧ અરજદારનું વીજજોડાણ ૬૬ કેવી વજેપર સબ-સ્ટેશનમાંથી નીકળતા ૧૧ રાજનગર અર્બન ફીડરમાંથી પાવર સપ્લાય મેળવે છે.

૩.૨ અરજદારની ફરિયાદના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા અરજદારની જગ્યાએ રૂબરૂ સ્થળનું વીજલાઈનનું સર્વે કરેલ તેમજ સદર ૧૧ કેવી રાજનગર ફીડરનું પોલ ટૂ પોલ ગ્રાઉન્ડ પેટ્રોલિંગ કરાવીને તા. ૧૧.૦૮.૨૦૨૧ ના રોજ જરૂરી જગ્યાએ અને લોકેશન પર વીજ સમારકામ કરાવેલ છે. સદર ફીડરના જુલાઈ ૨૦૨૦ થી જુલાઈ ૨૦૨૧ એમ કુલ ૧૩ મહિનાનો વજેપર સબ સ્ટેશનમાંથી વીજ વિક્ષેપનો ડેટા મહિના પ્રમાણે લઈને ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

૩.૩ સદર વીજ વિક્ષેપના ડેટાનો વિશેષ અભ્યાસ કરતા અરજદાર દ્વારા કરવામાં આવેલ રજૂઆત પ્રમાણેની હકીકત મેચ થતી નથી. તેમ છતાં જરૂર જણાયે સદર ૧૧ કેવી રાજનગર ફીડરનું વીજ સમારકામ કરવામાં આવશે અને અરજદારને સંપૂર્ણ સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે માટે પુરતા પ્રયત્નો કરવામાં આવશે.
સદર ફીડરનું જુલાઈ ૨૦૨૦ થી જુલાઈ ૨૦૨૧ દરમિયાન કુલ ત્રણ વાર માસ મેન્ટેનન્સ તારીખ ૦૯.૦૯.૨૦૨૦, તા.૦૬.૦૧.૨૦૨૧ અને તા.૧૨.૦૫.૨૦૨૧ ના રોજ કરેલ છે. સદર રાજનગર ફીડરના છેલ્લા એક વર્ષના મહિના પ્રમાણે મહત્તમ એમ્પીયર અને ટોટલ એચ.ટી., એલ.ટી. લાઈન અને કુલ ટ્રાન્સફોર્મરની વિગત ફોરમ સમક્ષ રજુ કરેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ તેઓનું વીજજોડાણ ૬૬ કેવી વજેપર સબ-સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કેવી રાજનગર અર્બન ફીડરમાંથી પાવર સપ્લાય મેળવે છે. સદર ફીડરમાં વારંવાર વીજ વિક્ષેપને કારણે તેઓના વીજ ઉપકરણોમાં ખામી આવે છે તેવી ફરિયાદના અનુસંધાને અરજદારે સાતત્યપૂર્ણ વીજપુરવઠો મળી રહે તે બાબતે સામેવાળાને યોગ્ય કાર્યવાહી કરવા – અરજદારે અત્રેના ફોરમની સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૨ સદર ફીડરમાં મુખ્યત્વે એચ.ટી.લાઈનની લંબાઈ ૫.૬૩ કી.મી. તેમજ એલ.ટી. લાઈનની લંબાઈ -૯.૯૩ કી.મી. અને વીજવિતરણના ટ્રાન્સફોર્મર કુલ -૧૩૬ નંગ ધરાવે છે. વીજવિક્ષેપની ફરિયાદના અનુસંધાને પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા વીજ સમારકામની કામગીરી નીચે મુજબ કરાયેલ છે.

| ૧૧ કેવી રાજનગર અર્બન ફિડર | |
|---|---|
| તારીખ | વીજ સમારકામની કરેલ કામગીરીની વિગત |
| ૦૯-૦૯-૨૦ | નવા જંપર કરેલ નંગ-૧૩, નવા બાઈંડીંગ કરેલ-૪, ટ્રી કટીંગ કરેલ લોકેશન-૧૮ |
| ૦૬-૦૧-૨૧ | નવા જંપર કરેલ નંગ-૮, નવા જંપર નાં બાઈંડીંગ કરેલ-૩, ટ્રી કટીંગ કરેલ લોકેશન-૧૬, ગેંગ સ્વીચમાં નવી ૩ લગો લગાવેલ |
| ૧૨-૦૫-૨૧ | નવા જંપર કરેલ નંગ-૨, નવા ફ્યુઝ બદલાવેલ નંગ-૩, ટ્રી કટીંગ કરેલ લોકેશન-૧૭, ગાર્ડીંગ વાયર બાંધેલ ૦૧ ગાળા નો |
| ૧૧-૦૮-૨૧ | નવા જંપર કરેલ નંગ-૪, ટ્રી કટીંગ કરેલ લોકેશન-૧૨ |

૪.૩ પી.જી.વી.સી.એલ. પક્ષકારની રજૂઆત મુજબ ઉપરોક્ત સદર ફીડરમાં નોંધાયેલ મહતમ એમ્પીયર લોડીંગ અને વીજવિક્ષેપની સંખ્યા જુલાઈ ૨૦૨૦ થી જુલાઈ ૨૦૨૧ સુધી નીચે મુજબ દર્શાવેલ છે.

| 11 KV Rajnagar Urban Feeder | | | | | |
|---|---|---|---|---|---|
| Month | Max. Amp. | TT (No.) | PF (No.) | LC (No.) | Remarks |
| Jul-20 | 141 | 9 | 0 | 6 | 02 LC on staggering day |
| Aug-20 | 157 | 12 | 7 | 10 | Due to heavy rain in Month of August-2020, interruption is more & one time SS was forced to shut down due to water logging in SS control room. |
| Sep-20 | 171 | 10 | 1 | 3 | 1 LC is for maintenance work on date 09.09.2020 & PF is due to heavy rain. |
| Oct-20 | 176 | 9 | 2 | 7 | |
| Nov-20 | 154 | 13 | 0 | 0 | |
| Dec-20 | 167 | 10 | 0 | 2 | |
| Jan-21 | 156 | 13 | 0 | 4 | 02 LC for Contractor line work & maintenance work. |
| Feb-21 | 156 | 5 | 2 | 2 | |
| Mar-21 | 161 | 6 | 1 | 3 | |
| Apr-21 | 143 | 4 | 3 | 3 | |
| May-21 | 124 | 13 | 5 | 8 | |
| Jun-21 | 146 | 7 | 1 | 3 | |
| Jul-21 | 153 | 15 | 7 | 4 | Due to rainy season in the Month of July-2021, Interruption is more compared to other months. |

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ અને ૪.૩ મુજબની વિગતેનો અભ્યાસ કરતા સદર ફીડરમાં વીજવિક્ષેપની સંખ્યામાં વીજ સમારકામની કામગીરી કર્યા બાદ મહદ અંશે ઘટાડો નોંધાયેલ છે તેમછતાં સદર ફીડરમાંથી ગ્રાહકોને વીજ પુરવઠો સાતત્ય પૂર્ણ મળી રહે તે માટે જરૂરી સર્વે કરી અને માસ મેન્ટેનન્સની કામગીરી દિવસ-૬૦ માં પૂર્ણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકારને સુચના આપવામાં આવે છે. વધુમાં અરજદારની મૌખિક રજૂઆત અન્વયે ફોલ્ટ નોંધણીની કામગીરી કરતા કર્મચારીને ફરિયાદ નોંધાવતા દરેક ગ્રાહકોને વિનમ્રતા પૂર્વક અને હક્કિત લક્ષી જાણકારી/જવાબ આપવાની સુચના આપવા માટે જણાવવામાં આવે છે.

૪.૫ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૪ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૬ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(એન.એચ.જોષી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯